ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**ડો. વિઠ્ઠલભાઈ એન પટેલ**
મદદનીશ પશુપાલન નિયામક
મો. ૯૯૭૪૩ ૨૩૭૧૨



**દિનેશભાઈ પી બ્રહ્મભટ્ટ**
સહમંત્રી, બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૭૨૬૧ ૭૦૫૫૮



**અનિલ પટેલ**
મો. ૯૯૦૪૩ ૫૪૦૩૭

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**









વૅકેશનનો સમય એટલે આમ તો મોજમજાનો સમય ગણાય, પરંતુ ગાંધીનગરમાં વૅકેશનનો સમય એટલે શિબિરોનો સમય. યોગથી માંડીને કરાટે સુધી ને વાદ્યથી માંડીને ડાન્સ સુધીની અનેકવિધ શિબિરો ગાંધીનગરમાં યોજાય છે. આવી શિબિરોને પ્રતિસાદ પણ ખૂબ સારો મળે છે, જે કારણે અનેક સંસ્થાઓ તો વીસ વર્ષ કરતાં વધુ સમયથી આવી શિબિરો નિયમિત રીતે યોજી રહી છે. બે-ત્રણ સંસ્થાઓની શિબિર તો પૂર્ણ પણ થઈ ચૂકી છે અને ચારેક સંસ્થાઓની શિબિર હવે શરૂ થવામાં છે. આવી ઉનાળુ શિબિરોના આયોજકોમાં કડી સર્વ વિદ્યાલયનું નામ પણ મોખરાનું છે. ગુરુવારે વિદ્યાલય પરિસર ખાતે ૨૦૧૬ની ઉનાળુ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે આ તસવીરો લેવામાં આવી હતી. ખૂબ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ આ શિબિરમાં જોડાયા છે અને માત્ર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટેની જ નહીં, પરંતુ સ્પૉર્ટ્સ અને ઍડવેન્ચર સ્પૉર્ટ્સની તાલીમ પણ અહીં પ્રાપ્ત કરી રહ્યા છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

### ધોરણ-૧૨ સાયન્સના પરિણામ પહેલાં

# વિદ્યાર્થીઓમાં બ્રાન્ચ પસંદગીની દ્વિધા દૂર કરવા સૅમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ધો.૧૨ સાયન્સના પરિણામ પહેલા વિદ્યાર્થીઓમાં રહેલી બ્રાન્ચ પસંદગીની દ્વિધાને દૂર કરવા માટે હાલ એડમિશન કમિટી દ્વારા જુદા જુદા વિસ્તારોમાં કારકિર્દી માર્ગદર્શનના સેમિનાર શરૂ કરી દેવાયા છે. આ આયોજન મુજબ હિંમતનગર, ભાવનગર, જૂનાગઢ, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં ખાસ સેમિનારો યોજાઈ ચૂક્યા છે.

આગામી તા.૭મી મેના રોજ અમદાવાદના ટાગોર હોલમાં પણ ખાસ સેમિનારનું આયોજન કરાયું છે. આ જ રીતે તા.બીજી મેના રોજ વટવામાં ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં પણ પ્રવેશ સમિતિ દ્વારા ખાસ સેમિનાર યોજાશે. ગયા વર્ષે પ્રવેશ સમિતિ દ્વારા ૯૦થી વધુ સેમિનાર યોજાયા હતા. આ વખતે ૧૦૦થી વધારે સેમિનારો યોજવાનું નક્કી કરાયું છે. આ માટે પ્રવેશ સમિતિ દ્વારા પ્રોફેસરોને ખાસ તાલીમ આપીને જુદા જુદા વિસ્તારોમાં સેમિનાર માટે મોકલવામાં આવ્યા છે. આ પ્રોફેસરો સેમિનાર કર્યા બાદ તેનો અહેવાલ પ્રવેશ સમિતિને આપશે. જેના આધારે આગળના સેમિનારમાં કયા પ્રકારની માહિતી વિદ્યાર્થીઓને આપવી જરૂરી છે તેનું અપગ્રેડેશન કરાશે. કયા દિવસે કયા સેમિનાર યોજાશે તેની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ પર મુકાઈ છે.



૨૧ એપ્રિલને વર્લ્ડ કિન્ડરગાર્ટન ડે તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગને ઔચિત્યસભર બનાવવા માટે દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના પ્રિ-પ્રાયમરીનાં ભૂલકાઓ દ્વારા અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભૂલકાઓએ રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરીને 'કે' આલ્ફાબેટ બનાવ્યો હતો અને 'પામ' પ્રિન્ટિંગ' ઍક્ટિવિટી કરીને દિવસને વિશેષતા પ્રદાન કરી હતી.

## પૂરવઠા નિગમ દ્વારા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય સરકારના અગ્ર સચિવ અને પૂરવઠા નિગમના મૅનેજિંગ ડિરેક્ટર સી વી સોમ (આઈએઍસ)ના સકારાત્મક પ્રેરણાદાયી નેતૃત્વમાં નિગમની વહીવટી સંકુલ ખાતે કાર્યરત નિગમ ઉપરાંત પોલીસ હાઉસિંગ કૉર્પોરેશન, ગુજરાત ઍગ્રો ઈન્ડસ્ટ્રીઝ અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના અધિકારીઓ, કર્મચારીઓ માટે ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

૧૦ દિવસ સુધી ચાલેલી આ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ૩૨ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પુરુષ વિભાગમાં ૩ અને મહિલા વિભાગમાં ૩ એમ કુલ ૬ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

# બુધવારે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે ગોવર્ધનરામ ત્રિપાઠી ટપાલ ટિકિટનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૧

આગામી બુધવારે શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ટપાલ ટિકિટ લોકાર્પણ સમારોહનું આયોજન સ્વર્ણિમ સંકુલ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગુજરાત સર્કલ ચીફ પોસ્ટ માસ્ટર જનરલ લેફ. કર્નલ ડી કે એસ ચૌહાણ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ જણાવ્યું છે કે સંચાર અને સૂચના પ્રાદ્યોગિકી મંત્રાલય, ભારત સરકારના ટપાલ વિભાગ અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સાહિત્ય અકાદમી,



ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે આ લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ભોંયતળિયે, સચિવાલય, સરદાર ભવન ખાતે તા. ૨૭ એપ્રિલ ને બુધવારે બપોરે ૨.૩૦ કલાકે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સમારોહ અંતર્ગત પ્રખર સારસ્વત શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની સ્મૃતિમાં ભારત સરકાર દ્વારા પ્રગટ થનાર ટપાલ ટિકિટનું લોકાર્પણ રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે રમતગમત વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહેશે.

### કાવીઠા ગામમાં

# શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરમાં હનુમાન જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

શુક્રવારે રાજ્ય અને દેશભરમાં હનુમાન જયંતિની ઉજવણીનાં ભવ્ય આયોજનો કરવામાં આવ્યાં છે ત્યારે બાવળા તાલુકાના કાવીઠા ગામમાં આવેલા શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરે પણ એકલદેવ નગર સોસાયટી દ્વારા હનુમાન જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સુંદરકાંડના પાઠ તથા મહા આરતી જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

આ અંગેની માહિતી આપતાં કાવીઠા ગામના ભુપતસિંહ રાઠોડે જણાવ્યું હતું કે તા. ૨૨ એપ્રિલ ને શુક્રવારે એકલદેવ નગર સોસાયટીના રહીશો દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે સવારે ૯થી ૧૨ દરમ્યાન મારૂતિ



યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ ઉપરાંત બાવળાના મારૂતિ સત્સંગ મંડળ દ્વારા રાત્રે ૯થી ૧૧.૩૦ કલાક દરમ્યાન સુંદકાંડના પાઠ કરવામાં આવશે. જેમાં વિનુભાઈ પ્રજાપતિ સહિત મારૂતિ સત્સંગ મંડળના સત્સંગીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેશે.

હનુમાન જયંતિએ શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરે રાત્રે ૧૨ કલાકે મહા આરતી કરવામાં આવશે. શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરે હનુમાન જયંતિએ આયોજીત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે અને દર્શનનો અમુલ્ય લાભ લેશે એમ તેમણે જણાવ્યું છે.

# ધરતીદિન : પૃથ્વી માટે વૃક્ષો અમૂલ્ય, વૃક્ષારોપણ કરીએ અતુલ્ય

## વર્ષમાં સરેરાશ ૨૬,૦૦૦ કિમીનું અંતર કાપતી એક કારમાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઈડનો સઘળો જથ્થો એક એકરમાં ફેલાયેલા પરિપક્વ વૃક્ષો શોષી લે છે

ઝડપી ઔદ્યોગિકરણના પ્રારંભિક યુગને અમેરિકનોએ જથાબંધ ઉત્પાદન અને વ્યાપક રોજગારના કીમિયા તરીકે વધાવ્યો હતો. પરંતુ, થોડા જ વખતમાં, કારખાનાઓમાંથી ચીમનીમાંથી નીકળતા કાળા દુર્ગંધ ફેલાવતા ધુમાડાએ ઉદ્યોગ વિસ્તારો જતા અને તેની આસપાસમાં રહેતા લોકોનું જીવન ત્રાસદાયી બન્યું હતું. તે સમયે હાલની ટૅકનોલોજી અને સંસાધનોની ઉણપના લીધે સૌને ગુંગળાવતી વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો રસ્તો સુઝતો નહોતો.

ત્યારે, આસપાસના બીનઆરોગ્યપ્રદ અને અસહ્ય વાતાવરણ સામે અમેરિકાના સેનેટર ગૅલોર્ડ નેલ્સને ૨૨મી એપ્રિલ ૧૯૭૦ના દિવસે સૌ નાગરિકોને રસ્તા પર આવીને બળાપો ઠાલવવા માટે અપીલ કરી હતી. પર્યાવરણીય પ્રદૂષણ સામેની વ્યાપક ચળવળમાં લાખો અમેરિકનોએ ભાગ લીધો હતો. આ ઝુંબેશનો બુલંદ પડઘો પડ્યો હતો. જેમાં, કથળતા પર્યાવરણ સામે વિરોધ દર્શાવી લોક જાગૃતિ ફેલાવવા માટે યુએસની કોલેજોના પટાંગણોમાં વિદ્યાર્થી જૂથો અગ્રેસર રહ્યાં હતા. નદી-નાળામાં ઢોળાતું ઓઈલ, જોખમી કચરાના ઢગલા, ઉદ્યોગોથી ફેલાતું હવા અને પાણી પ્રદૂષણ, ગટરનું ગંદુ પાણી, જંતુનાશક દવાઓનું ઉત્પાદન અને વપરાશ સહિતની ઘણી બાબતોની સમસ્યાઓ સામે લોકોના અનેક સમુદાયોએ હૈયાવરાળ ઠાલવી હતી. લોક જુવાળના પરિણામે યુએસની સરકારે ક્લિન એર, ક્લિન વૉટર તેમજ લુપ્ત થતી પ્રજાતિઓને બચાવવાના કાયદાઓ ઘડ્યા હતા. આ ઘટનાથી યુએસમાં ૨૨મી એપ્રિલનો દિવસ ધરતીદિન તરીકે ઉજવાય છે.

૨૨મી એપ્રિલ ૨૦૦૯ના રોજ યુએન-યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભાના ઠરાવ ક્રમાંકઃ ૬૩/૨૭૮ મારફતે, ૨૨મી એપ્રિલના દિવસને આંતરરાષ્ટ્રીય ધરતીદિન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. યુએનના આ પગલામાં પૃથ્વી અને પ્રકૃતિ સાથે સુસંગત રહીને, વર્તમાન તેમજ આગામી પેઢીની આર્થિક, સામાજીક અને પર્યાવરણીય જરૂરિયાતો વચ્ચે સમતુલા જાળવવાની સૌની જવાબદારી પારખવાનો હેતુ રહ્યો છે.

પૃથ્વી પરની સજીવ અને નિર્જીવ સૃષ્ટીની કુદરતી વ્યવસ્થાથી જ સમગ્ર જીવસૃષ્ટીનું લાલન-પાલન કરી રહી છે, તે બાબતની ધરતીદિન સૌને યાદ અપાવે છે. વર્ષ ૧૯૯૨ના રિયો-ડિક્લેરેશનમાં પૃથ્વી અને પ્રકૃતિ સાથે સાનુકૂળ રહીને, હાલની તેમજ ભવિષ્યની માનવતાવાદી

**પ્રસંગસર**
**નરેશભાઈ ઠાકર**
nareshkthakar@gmail.com

પેઢીની આર્થિક, સામાજીક અને પર્યાવરણીય જરૂરિયાતો વચ્ચે સમતુલા જાળવવાની આપણી સામુહિક જવાબદારી છે. ધરતીમૈયા દિને ઉજવણી કાર્યક્રમો પૃથ્વી પર નિર્ભર તમામ જીવસૃષ્ટીના હિત માટે જનજાગૃતિ ફેલાવવા વિશ્વસ્તરે તક ઊભી કરે છે. ધરતીદિનની ઉજવણીનું વિશ્વના દેશો સાથે 'ધ અર્થ ડે નેટવર્ક' સંસ્થા સંકલન કરી રહેલ છે. ધરતીદિન ઉજવણીના કાર્યક્રમોમાં દર વર્ષે ૧૯૩થી વધુ દેશો સામેલ થાય છે.

વર્ષ ૨૦૦૭થી દર વર્ષે ધરતીદિનની ઉજવણીનું થીમ જાહેર થાય છે. વર્ષ ૨૦૧૬નું થીમ 'પૃથ્વી માટે વૃક્ષો અમૂલ્ય, વૃક્ષારોપણ કરીએ અતુલ્ય' ખૂબ સૂચક છે. આ વિષયવસ્તુ દ્વારા વૃક્ષોના મહિમાનું મહત્વ ગણ્યું છે. ક્લાયમેટ ચૅન્જનો સામનો કરવાના સંગ્રામમાં વૃક્ષો ખૂબ મદદગાર છે. વાતાવરણમાં ભળતા હાનિકારક વધારાના કાર્બન ડાયોક્સાઈડ વાયુને શોષવાની કામગીરી કરે છે. એક અંદાજ મુજબ વર્ષમાં સરેરાશ ૨૬,૦૦૦ કિ.મી.નું અંતર કાપતી એક કારમાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઈડનો સઘળો જથ્થો એક એકરમાં ફેલાયેલા પરિપક્વ વૃક્ષો શોષી લે છે! વૃક્ષો જીવસૃષ્ટીની જીવાદોરી સમાન શુદ્ધ હવા આપે છે. નાઈટ્રોજન ડાયોક્સાઈડ્સ, અમોનિયા, સલ્ફર ડાયોક્સાઈડ અને ઓઝોન જેવા દૂષિત અને દૂર્ગંધ વાયુઓ શોષી લે છે. વૃક્ષોના પાન અને છાલ હવામાં ઉડતી સૂક્ષ્મ રજકણોને જકડી લે છે. ખોરાક, ઊર્જા અને જીવન નિર્વાહ માટે જંગલોમાંથી ઉપજતા ફળ, ફુલ, પાન કે છાલની પેદાશો પર વિશ્વમાં લાખો લોકો નિર્ભર છે.

૨૨મી એપ્રિલ ૨૦૧૬ને ધરતીદિનના રોજ, અમેરીકા, ચીન સહિત અન્ય ૧૨૦ દેશો ભેગા મળીને સીમા ચિન્હરૂપ 'પેરિસ એગ્રિમેન્ટ' કરારમાં સહી કરવાના છે. એવું બન્યુ છે કે, ગત વર્ષે પેરિસ ખાતે મળેલ યુનાઈટેડ નેશન્સ ક્લાયમેટ ચેન્જ કોન્ફર્ન્સમાં ૧૯૫ દેશોના પ્રતિનિધિઓએ ક્લાયમેટ વિષયક મુસદાને સર્વસંમતિથી વધાવ્યો હતો. આ પ્રસંગે, ક્લાયમેટ સાથે નિરંતર ટકાઉ વિકાસનો કન્સૅપ્ટ (વિભાવના) ભારતે રજૂ કર્યો હતો. ક્લાયમેટમાં થઈ રહેલા માનવ સર્જિત અવરોધોનું નિયંત્રણ કરવા માટે તૈયાર થયેલ આ ઐતિહાસિક મુસદામાં પાયાની જરૂરીયાતો સંતોષવાની તાકાત ઊભી કરવા આ કરાર પ્રાણ ફૂંકશે તેવી સૌની ગણતરી છે. ગ્લોબલ વૉર્મિંગનું નિયંત્રણ કરવા માટે વાતાવરણમાં ગરમીનું ઉત્સર્જન ૨ ડિગ્રી સેલ્સિયસથી નીચું ઘટાડી વૈશ્વિક ક્લાયમેટને પુનઃ પાટે ચઢાવવા માટે વિશ્વસ્તરની કાર્યયોજનાને આ કરારમાં સમાવી છે. તમામ ૧૯૫ દેશોએ સૌની સમાન છતાં વિભિન્ન જવાબદારીઓ નિભાવીને પર્યાવરણને અનુકૂળ હરિત રસ્તે ચાલવાનું નક્કી કર્યુ છે.




**ધરતી માતાની માવજતમાં ફળદાયી પગલાં -**

- વીજળીનો દૂર્વ્યય થતો અટકાવીએ. બિન ઉપયોગમાં હોય તેવા વીજ-ઉપકરણોની સ્વિચ બંધ રાખીએ.
- બેન્કના પેપર સ્ટેટમેન્ટને બદલે બીલ્સનું ઓનલાઈન ચૂકવણું કરીએ.
- કાગળનો ઓછો વપરાશ કરીએ, વૃક્ષોનું ઓછું નિકંદન થશે.
- સત્તાધિશોને કાર્બન ઉત્સર્જન ઓછું કરવા રજૂઆત કરીએ.
- ઓનલાઈન માહિતીનો સંગ્રહ પેપર પ્રિન્ટમાં ન કરીએ.
- કમ્પ્યૂટર સ્ક્રિનનો ઉજાસ પૂરતો છે, અન્ય લાઈટ બંધ રાખીએ.
- પર્યાવરણને અનુરૂપ ધારાધોરણો જાળવતી કંપનીનો જ માલ-સામાન ખરીદીએ.
- વૉશિંગ મશીનની મહત્તમ ક્ષમતા જેટલાં કપડા ધોવાના હોય, ત્યારે જ તેનો ઉપયોગ કરીએ. ● ખોરાકનો બગાડ ન કરીએ.
- એંઠવાડમાંથી ખાતર બનાવીએ. કાગળ, પ્લાસ્ટિક, કાચ અને એલ્યૂમિનિયમના કચરાને રિ-સાયકલ્ડ કરીએ.
- ઓછામાં ઓછા પૅકિંગવાળો માલ-સામાન ખરીદીએ.
- ઓવનના ઉપયોગ અગાઉ તેને ગરમ ન કરીએ.
- હવાની અવર-જવર થતી હોય, તેવી તિરાડો બંધ કરીને એસી જેવા વીજ-ઉપકરણોની ઊર્જા ક્ષમતા વધારીએ.
- એસીનું થર્મોસ્ટેટ સામાન્યથી ઉનાળામાં વધુ અને શિયાળામાં ઓછી ડિગ્રીનું રાખીએ.
- જૂનાં વીજ ઉપકરણો અને લાઈટ્સના બલ્બને સ્થાને ઊર્જા કાર્યદક્ષ સાધનો/બલ્બ બદલીએ.
- વિકલ્પ મળ્યેથી સોલાર વીજ પેનલ્સ ગોઠવીએ.
- દૂરથી લવાતી ચીજ-વસ્તુઓને બદલે સ્થાનિક પેદાશો ખરીદીએ.
- જરૂરી હોય તેટલી જ ખાદ્ય સામગ્રી ખરીદીએ.
- ઓછું અંતર કાપવા ચાલીએ, સાયકલ વાપરીએ કે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીએ. જરૂર હોય ત્યારે જ મોટર કારનો ઉપયોગ કરીએ.
- ખરીદી કરવા પર્યાવરણને અનુરૂપ પોતીકી બૅગ સાથે રાખીએ.
- પુનઃ વપરાશમાં લેવાય તેવી વસ્તુઓનો ઉપયોગ કરવા અન્યોને પ્રોત્સાહિત કરીએ.
- નિયમિત સર્વિસ થતી કારમાંથી જોખમી વાયુઓ ખૂબ ઓછા નીકળે છે. વાહનોની જાળવણી કરીએ.